Volume 1, Issue 9
December
2023

# ટપક E-MAGAZINE

26 – ઓમનગર (3), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી 365601, ગુજરાત

## તાલીમ અને શિક્ષણ

### તા. ૧૫-૧૬ ડીસેમ્બર ૨૦૨૩ ના રોજ કેપેસીટી બિલ્ડીંગ ફોર મેનેજમેન્ટ ઓફ એફપીસી ટ્રેનીંગ હરિરાજ ટ્રેનીંગ સેન્ટરમાં યોજાઈ.




તા. ૧૧-૧૨-૨૦૨૩ના રોજ બ્યુટી પાર્લર અંગે વોકેશનલ ટ્રેનીંગ સેન્ટરનું ઓપનીંગ કરી ૪૨ મહિલા ખેડૂતોને તાલીમ આપવાની ધોકડવા ખાતે શરૂઆત કરી. વડલી અને ટીંબી ગામે જ્વેલરી મેકિંગ તાલીમોની શરૂઆત કરવામાં આવી.





એ આઈ એફ દ્વારા સાયલા ખાતે ટીમની ક્ષમતાવર્ધન તાલીમનું આયોજન તા. ૨૧ થી ૨૩ ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન થયું જેમાં સંસ્થામાંથી કનુ પરમાર અને રાજુ ધાધલ સહભાગી થયા.





ટપુક E-MAGAZINE

Volume 1, Issue 9

December 2023

## આરોગ્ય અને પર્યાવરણ


**ફાર્મર કોમ્યુનીટી ફાઉન્ડેશન તથા રોટરી કલબ ઓફ અમરેલી (ગીર) તેમજ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા તા.૧૭-૧૨-૨૩ના રોજ ખાંભા, તા.૧૮-૧૨-૨૩ના રોજ ધોકડવા, તા.૨૦-૧૨-૨૩ના રોજ ટીંબી, તા.૨૪-૧૨-૨૩ના રોજ ચિતલ અને તા.૨૬-૧૨-૨૩ના રોજ લાઠી ખાતે નિ:શુલ્ક કેન્સર સ્ક્રીનીંગ ડીટેકશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૪૮૩ મહિલાઓની તપાસ કરવામાં આવી.**












**વિશ્વ માટી દિવસની ઉજવણી કાર્ય વિસ્તારના ગામોમાં થઇ. ૭૨ ખેડૂતો પાસેથી માટીના નમુના એકત્ર કરી ટેસ્ટીંગ માટે મોકલવામાં આવ્યા.**








## સંસ્થાના વિવિધ કાર્ય વિસ્તારોમાં આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા કેન્સર અવેરનેસ કાર્યક્રમો કરવામાં આવ્યા.





**સંસ્થાના વિવિધ કાર્ય વિસ્તારોમાં દેસાઈ ફાઉન્ડેશન દ્વારા મેન્સ્ટ્રુઅલ હાઈજીન અવેરનેસ કાર્યક્રમો યોજવામાં આવ્યા. ફાર્મર કોમ્યુનીટી ફાઉન્ડેશન માંથી વિણાબેન ઠાકુર દ્વારા ચિતલ અને શેડુભાર ગામે ટેલરીંગ ક્લાસની મુલાકાત કરવામાં આવી.**





**આબોહવા અનુકૂલનશીલ ખેતી પદ્ધતિઓ માટે કિસાન સંમેલનનું આયોજન ગોંડલ ક્લસ્ટર ખાતે ૨૯૯ મહિલા/ પુરુષ ખેડૂતો સાથે કરવામાં આવ્યું. જેમાં ખેડૂતોને વિવિધ આબોહવા સંબંધિત ખેતી પદ્ધતિઓ વિશે માહિતી, સજીવ ખેતી અંગેના પ્રગતિશીલ ખેડૂતે કરેલ કામ અંગે અનુભવોનું આદાનપ્રદાન અને નિવૃત્ત કૃષિ વૈજ્ઞાનિક ડૉ.બી. બી. કાબરિયા સાહેબે વધુ માહિતી પૂરી પાડી.**





ટપક E-MAGAZINE
Volume 1, Issue 9
December 2023

## કૃષિ ઉત્પાદકતા અને આપતિજન્ય જોખમો


**સંસ્થામાં ચાલતા બેટર કોટન પ્રોગ્રામ માટે તા. ૨૭ થી ૨૯ ડીસેમ્બર-૨૦૨૩ “ન્યુ પી & સી એન્ડ રીજનરેટીવ એગ્રીકલ્ચર ટ્રેનીંગ” નું આયોજન પટેલ વાડી, અમરેલી ખાતે કરવામાં આવ્યું.**








**કોટનકનેક્ટની M & E ટીમ દ્વારા INGJ૪૮ અને INGJ૪૬ની સપોર્ટ વિઝીટ તા. ૨૧ અને ૨૨ ડીસેમ્બર ૨૦૨૩ના રોજ થઇ.**





## સંસ્થાના વિવિધ કાર્ય વિસ્તારોમાં ક્રોપ વોટર બજેટીંગ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું.




## વઢેરા ગામના વાઘેલા છનાભાઇની વાડીએ તા. ૨૧/૧૨/૨૦૨૩ના રોજ ઈનપુટ સેન્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.



## તા. ૧૧ થી ૧૫ ડીસેમ્બર ૨૦૨૩ દરમિયાન કોટન કનેક્ટ દ્વારા સેકન્ડ પાર્ટી ઓડીટનું આયોજન વડોદરાના કાર્ય વિસ્તારોમાં થયું.



## પીવાના પાણી અંગેના ૩ ગામોના કામ પૂર્ણ થયા. કુલ ૯ ચેકડેમોના કામ પણ પૂર્ણ થયા. વોટરશેડ પ્રવૃત્તિ માટે ફૂલઝર ગામની મુલાકાતનું આયોજન થયું.








રિસોર્સ મેપ અને વોટર બજેટ અંગેની તાલીમ ગોંડલના વાદીપરા, ભાડોઈ અને નવી મેંગણી ગામે કરવામાં આવી. જેમાં કુલ ૭૮ ગ્રામજનોએ ભાગ લીધો અને તેઓના ગામોના કોમન રિસોર્સ મેનેજમેન્ટ પ્લાન બનાવ્યા. ધોકડવા વિસ્તારના ૩૧ ગામોમાં પણ આવી તાલીમોનું આયોજન મહિના દરમિયાન થયું.





**૨૧ ગામોની વિલેજ ડેવેલોપમેન્ટ કમિટીની ક્લસ્ટર કક્ષાની તાલીમનું આયોજન ગોંડલ ખાતે થયું.**






વાદીપરા, નાના માંડવા, મોટી ખીલોરી, અને ગુંદાળા ખાતે ફાઈનાન્સીયલ કેમ્પનું આયોજન થયું અને ૨૦૩ લાભાર્થીઓને સરકારની વિવિધ યોજના અને વીમા યોજના સાથે જોડવામાં આવ્યા.






ટપક E-MAGAZINE
Volume 1, Issue 9
December 2023

## ખેડૂતો ટકાઉ ખેતી પધ્ધતિ બાબતે જાગૃત બને તે માટે અમરેલીના ૨ ગામોમાં લોક ભવાઈનું આયોજન કરવામાં આવ્યું.







Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

GREATNONPROFITS 2023 TOP-RATED NONPROFIT

TRANSPARENCY CERTIFIED GuideStarIndia GOLD VALID TILL JUN 2021 AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

Commitment to Transparency Verified, Valid till Dec 2023 GuideStarIndia Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org

Share your review



www.sskkamreli.org info@sskkamreli.org